પ્રશ્ન નં.૯ ( )

રા.મ.ન.પા./આરોગ્ય/જા.નં. ૧૨૦૦ તારીખ:૧૪/07/2026

**વિષય : તા.૨૦-૦૭-૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ : વોર્ડ નં.૧૦ ના કોર્પોરેટરશ્રી ઘનશ્યામભાઈ મેરામભાઇ હેરભા**

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૯ | | આરોગ્ય શાખા દ્વારા દૂધની ડેરી, હોટલ, રેસ્ટોરન્ટ માંથી કેટલા ટાઈમે સેમ્પલ લેવામાં આવે છે? તથા સરકારશ્રીની ગાઈડલાઇન્સ મુજબ દર મહિને મિનિમમ કેટલા સેમ્પલ લેવામાં આવે છે? તેમાં વધારો કેમ નથી કરવામાં આવતો? સેમ્પલ લીધા પછી સેમ્પલ નેગેટિવ આવે ત્યાં સુધી તે માંલનું શું કરો છો?<br><br>રા.મ.ન.પા. કુલ કેટલા આરોગ્ય કેન્દ્ર આવે છે? | • આરોગ્ય શાખા હેઠળની ફૂડ વિભાગ દ્વારા દૂધની ડેરી, હોટલ, રેસ્ટોરન્ટમાંથી કેટલા સમયે સેમ્પલ લેવા તેવી કોઇ ગાઇડલાઇન એફ.એસ.એસ.એ.આઈ. માં દર્શાવવામાં આવેલ નથી.<br><br>• આરોગ્ય શાખા-ફૂડ વિભાગ દ્વારા વર્ષ 01/04/2025 થી 31/03/2026 દરમિયાન કુલ-376 સેમ્પલ લેવામાં આવેલ. જેમાથી દૂધની ડેરી, હોટલ, રેસ્ટોરન્ટ પ્રકારની પેઢીમાંથી કુલ-125 સેમ્પલ લેવામાં આવેલ.<br><br>• ખોરાક અને ઔષધ નિયમન તંત્ર -વડી કચેરી ગાંધીનગરની સૂચના મુજબ દર મહિને સિનિયર ફૂડ સેફટી ઓફિસરને 04-સેમ્પલ તથા ફૂડ સેફ્ટી ઓફિસરને 11-સેમ્પલ લેવાનો મિનિમમ લક્ષ્યાંક નક્કી કરેલ છે. ઉક્ત કચેરી દ્વારા સમયાંતરે કામગીરીના લક્ષ્યાંકોમાં ફેરફાર કરવામાં આવે છે.<br><br>• સેમ્પલ લીધા પછી પેરીસેબલ આઇટમનો જથ્થો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ મારફત નિકાલ કરવામાં આવે છે અને નોન પેરિસેબલ આઈટમનો વિશાલ જથ્થો હોય તો તેનો સીઝર કરવામાં આવે છે.<br><br>• રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૩૧ (એકત્રીસ) શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૪૬ (છેતાલીસ) અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તેમજ ૪૧ (એકતાલીસ) દિનદયાલ ઔષધાલય આવેલા છે. |

શાખા: આરોગ્ય શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડો.જયેશકુમાર એલ. વકાણી

હોદ્દો: આરોગ્ય અધિકારી